# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨ ૨૫૫૩૭૭ ફેક્સ: ૦૨૮૩૨ ૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં.: કેસી/સીજીઆરએફ/ હુકમ/૨૦૧૮/ ૩૫ તારીખ: ૨૩.૨.૧૮

રજી.એ.ડી દ્વારા

પ્રતિ.
સોઢા કંચનબા મેઘુભા.
સર્વે નં-૧૧.ગામ - ચરાખડા.
તાલુકો - નખત્રાણા.
જીલ્લો - કચ્છ.

Mobile Number :- 9979062999

વિષય:- નવું વીજ જોડાણ આપવામાં વિલંબ બાબત અંગે.

સદર્ભ:- (૧) આપની અરજી નોંધણી નં. પીજી ૦૩/૦૧૩/૨૦૧૭-૧૮

આપની ઉપરોક્ત વિષય અને સદર્ભ મુજબની અરજી અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ તરફથી તારીખ:- ૨૨/૧૨/૨૦૧૭ ની બેઠકમાં કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

(એસ.એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર
પીજીવીસીએલ સર્કલ ઓફિસ ભુજ.

બિડાણ-ઉપર મુજબ

નકલ સાદર રવાના:-
૧. શ્રી એ.એમ.ઢેબર
ચેરમેનશ્રી સી.જી.આર.એફ.ભુજ.
બ્લોક નં.એ.એ. - ૧૦ ઓસ્કાર સોસાયટી.નાણાવટી ચાર રસ્તા
રૈયા સર્કલ. રાજકોટ- ૩૬૦૦૦૫.

૨. શ્રીમતી નીતીનાબેન હરીપ્રસાદ જોષી. સ્વતંત્ર સભ્ય.
૧૦/૧૧૬ લક્ષ્મી પાર્ક. લક્ષ્મી વાડી. પૂજારા પ્લોટ મેઇન રોડ.
કુવાવાલી ખોડીયાર મંદીર સામે. રાજકોટ-૩૬૦૦૦૨.

૩. શ્રી પી.આર.વ્યાસ. ટેક્નીકલ મેમ્બરશ્રી.ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ભુજ
વિશેષ મુખ્ય ઇજનેર.પીજીવીસીએલ વર્તુળ કચેરી. ભુજ

૪. કાર્યપાલક ઇજનેરશ્રી.પીજીવીસીએલ,વિભાગીય કચેરી નખત્રાણા.

૫. નાયબ ઇજનેર પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી - નખત્રાણા.



Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮

- કેસ નં - પીજી ૦૩-૦૧૩-૨૦૧૭-૧૮
- નોંધણી તારીખઃ- ૦૪-૧૨-૨૦૧૭
- નિર્ણયની તારીખઃ- ૨૨-૧૨-૨૦૧૭

| | | |
|---|---|---|
| અરજદાર | :- | શ્રી સોઢા કંચનબા મેઘુભા |
| અરજદાર વતી રજુઆત કરનાર | :- | અરજદાર વતી તેમના અધિકૃત પ્રતિનિધિ હાજર છે. |

## વિરુધ્ધ

| | | |
|---|---|---|
| સામાવાળા | :- | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, નખત્રાણા. |
| સામાવાળા વતી રજુઆત કરનાર | :- | શ્રી એમ.કે.વોરા, કાર્યપાલક ઈજનેર, નખત્રાણા વિભાગીય કચેરી. |

ઉપરોક્ત બંને પક્ષકારોને તમામ દસ્તાવેજી પુરાવા સાથે તેમની રજુઆત કરવા માટે તા.૨૨/૧૨/૨૦૧૭ના રોજ ભુજ મધ્યે રાખવામાં આવેલ.

## કાર્યવાહી

## ગ્રાહકની રજુઆત

(૧) આજરોજ તા. ૨૨-૧૨-૨૦૧૭ના રોજ ભુજ મધ્યેની ફોરમની બેઠકમાં ફરિયાદી સોઢા કંચનબા મેઘુભાના પ્રતિનિધિ શ્રી મેઘુભા કે. સોઢા હાજર છે અને તેમની એવી રજૂઆત છે કે; અમોએ અમારી માલિકીની ખેતીની જમીન સર્વે નં.૧૧, ગામ-ચરાખડા, તા.૧૧-૨-૨૦૧૧ના રોજ ૧૦ હોર્સપાવરના નવા ખેતીવાડી કનેક્શનની અરજી કરેલ. પીજીવીસીએલના નિયમાનુસાર અમારી આ અરજી સામે અમોને જરૂરી કોટેશન રૂ.૧૪૧૨૦/-(અંકે રૂપિયા ચૌદ હજાર એકસો વીસ પૂરા) વાળું તા.૦૧-૦૯-૨૦૧૬ના રોજ આપવામાં આવેલ જેની છેલ્લી તા.૩૦-૦૯-૨૦૧૬ હતી. અમોએ વર્ષ ૨૦૧૧માં અરજી કરેલ અને કોટેશન ૨૦૧૬માં આપવામાં આવેલ. તે સમયે અમારા બોરમાં પાણી ઊંડું જતાં ૧૦ ને બદલે ૨૨.૫૦ હોર્સપાવરની જરૂર હોઈ આ લોડ વધારાની અરજી અમોએ તા.૧૯-૦૨-૨૦૧૬ના રોજ કરેલ અને રૂ.૨૦૦/-(અંકે રૂપિયા બસ્સો પૂરા) રજીસ્ટ્રેશન ચાર્જ તા.૧૯/૦૯/૨૦૧૬ના ભરેલ. એટલે કે આપેલ કોટેશનની મુદ્દત પૂર્ણ થતાં અગાઉ આ

Scanned by CamScanner

વધારાની અરજી કર્યા બાદ અમોને રૂ.૨૫,૬૪૫/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર છસ્સો પિસ્તાલીસ પૂરા)નું કોટેશન આપેલ જે રકમ અમોએ તા.૨૩/૧૨/૨૦૧૬ના ડી.ડી.નં.૦૦૩૫૨૪ બેંક ઓફ ઇંડિયા વાળો પીજીવીસીએલ નખત્રાણા ખાતે આપેલ. ત્યાર પછી પીજીવીસીએલને લગતી તમામ કાર્યવાહી પૂર્ણ કરેલ છે. પરંતુ હજ સુધી અમોને કનેક્શન મળેલ નથી. ૧૦ હોર્સપાવર વાળી જગ્યાએ અમોએ જે કનેક્શન માગેલ તે જ જગ્યાએ અમોએ આ લોડવધારો માગેલ. તો અમોને કનેક્શન લોડવધારા સાથે ૨૨.૫ હોર્સપાવરનું મળે તેવી અમારી સત્વરે રજૂઆત છે. વિશેષમાં પીજીવીસીએલ તરફથી મોકલવામાં આવેલ કોટેશન-૧ અને કોટેશન-૨ અને ગ્રાહક તકરાર દ્વારા મોકલવામાં આવેલ ટપાલ અમોને સર્વે નં.૧૧, ગામ-ચરાખડા વાળા સરનામે મોકલેલ છે. જે અમોને મળેલ છે. જેનો પ્રત્યુત્તર પણ અમોએ આપેલ છે. આ સિવાય કોઈ પણ ટપાલ અમોને મળેલ નથી.

પીજીવીસીએલની રજૂઆતના અનુસંધાને અરજદારની રજૂઆત છે કે, અમોએ તા.૧૧/૦૨/૨૦૧૧ના રોજ કરેલ નવા ખેતીવાડી કનેક્શન માટેની અરજીમાં અમોએ બે સરનામા બતાવેલ. ત્યારબાદ પીજીવીસીએલની કાર્યવાહીના ભાગરૂપે સ્થળ ચકાસણી વખતે અમો હાજર રહેલ અને સાથ સહકાર આપેલ. સ્થળ ચકાસણી થયા બાદ જે કોટેશન પહેલું તથા બીજું પણ અમોને સ્થળ ચરાખડાના સરનામે મોકલેલ. સદર પત્ર ચરાખડા મોકલવાના બદલે બીજા કાયમી સરનામે મોકલવા અંગેનું શું પ્રયોજન હોઈ શકે તે અમો જાણતા નથી. ચરાખડાના સરનામે અમોને તમામ પત્રો મળેલ છે અને અમોએ એ તમામના પ્રત્યુત્તર પણ આપેલ છે. રજીસ્ટર એ.ડી.નો તા.૧૨-૦૪-૨૦૧૭નો પત્ર અમોને મળેલ નથી. તેમજ કહેવાતા કોન્ટ્રાકટરે અમારો સંપર્ક કરેલ નથી. અમારા પ્રીમાઈસીસમાં સવાઈસિંઘ નામનો કોઈ વ્યક્તિ રહેતો નથી. અમારે તો કનેક્શનની જરૂર જ છે અને અમારી જાણ બહાર પીજીવીસીએલએ એ કનેક્શન રદ કરેલ છે.

## પીજીવીસીએલની રજુઆત

(૨) આજરોજ તા. ૨૨-૧૨-૨૦૧૭ના રોજ ભુજ મધ્યેની ફોરમની બેઠકમાં પી.જી.વી.સી.એલ. વતી શ્રી એમ.કે.વોરા, કાર્યપાલક ઈજનેર, નખત્રાણા વિભાગીય કચેરી હાજર છે અને તેમની રજૂઆત છે કે; શ્રીમતી કંચનબા મેઘુભા સોઢાએ તેમના સર્વે નં.૧૧, ગામ-ચરાખડા, તાલુકો-નખત્રાણામાં કરેલ ખેતીવાડી વીજકનેક્શનની અરજીના અનુસંધાને તેમને ભાવપત્રક આપવામાં આવેલ જે તેમણે તા.૨૬/૧૨/૨૦૧૬ના રોજ ભરપાઈ કરેલ તથા કરારનામું કરેલ હતું. જે ભાવપત્રક ભરપાઈ થયા બાદ સદર કામની લાઈન ઉભી કરવા માટે કોન્ટ્રાકટરશ્રી બી.પી.ભગતને સદર કામ સોંપવામાં આવેલ હતું. કોન્ટ્રાક્ટર દ્વારા સદર કામ કરવા માટે સ્થળ પર જતા અરજદારના હાજર પ્રતિનિધિ દ્વારા સદર વીજજોડાણ હાલે જોતું નથી તેમ મૌખિક જણાવેલ હતું. જેના અનુસંધાને અરજદારને નખત્રાણા પેટાવિભાગીય કચેરીનો પત્ર ક્રમાંક ૨૬૨૨ તા.૧૨/૦૪/૨૦૧૭ના પત્રથી તેમના તા.૧૧/૦૨/૨૦૧૧ના કરેલ અરજીમાં દર્શાવેલ વેઢહર મોટીના સરનામા પર રજીસ્ટર એ.ડી. દ્વારા અરજદારને સદર કામ કરવા માટે સહકાર આપવા માટે જાણ કરાયેલ હતી. પરંતુ અરજદાર કે તેમના પ્રતિનિધિ દ્વારા સદર પત્રના અનુસંધાને કોઈ પ્રત્યુત્તર ન મળતાં સદર કેસમાં અરજદારને વીજ જોડાણની જરૂરિયાત નથી તેમ જાણી સદર અરજી તા.૨૦/૦૬/૨૦૧૭ના રોજ પેઈડ કેન્સલ કરેલ છે. હાલમાં સદર કેસની સ્થિતિ પેઈડ કેન્સલ છે. આ કનેક્શન આપવા માટે ૩૦૦ મીટર એચ.ટી. લાઈન અને ૨૫ કેવી ટ્રાન્સફોર્મરની કામગીરી કરવી જરૂરી છે. તા. ૧૨/૦૪/૨૦૧૭ વાળો પત્ર રજીસ્ટર એ.ડી.થી અરજદારના પ્રતિનિધિ શ્રી સવાઈ સિંઘ દ્વારા સ્વીકારવામાં આવેલ છે.

Scanned by CamScanner

# નિષ્કર્ષ

(3) બન્ને પક્ષકારોની લેખિત તેમજ મૌખિક રજુઆતો તેમજ ફાઇલમાં પડેલ પુરાવાઓને ધ્યાનમાં લેતા ફરિયાદીની મુખ્યત્વે ફરિયાદ તેઓને માંગણી કરેલ મુજબ તેમની માંગણી તેઓની તેમની માલીકીની ખેતીવાળી જમીન સર્વે નં ૧૧ ગામ ચરાખડા મુકામે માંગેલ નવા ખેતીવાડી વિજજોડાણ ન આપીને માંગણી રદ કર્યા અંગેની છે. પીજીવીસીએલની તમામ કાર્યવાહીઓ જેવી કે અંદાજપત્ર ભરવાની, એગ્રીમેન્ટ કરવાની વગેરે તેઓ તરફથી પુર્ણ કરી દેવામાં આવેલ છે. આ અંદાજપત્ર ની રકમ ભરપાઇ કરેલ હોવા છતાં અને તમામ કાર્યવાહી પીજીવીસીએલની પુર્ણ કરેલ હોવા છતાં પણ નવા ખેતીવાડી વીજ જોડાણની એ માંગણી એકતરફી અમોને નવું ખેતીવાડી વિજ જોડાણ જોતુ નથી તેવા બહાના હેઠળ રદ કરી દીધેલ છે. પરંતુ અમારે વિજ કનેક્શનની જરુર હોઇ અમોએ ફોરમ સમક્ષ અમારી ફરિયાદ યોગ્ય ન્યાય મેળવવા અર્થે કરેલ છે. સામાપક્ષે પીજીવીસીએલની રજુઆત મુજબ ફરિયાદીએ તેમની નવા ખેતીવાડી કનેક્શનની માંગણી ગામ:ચરાખડા સર્વે નં. ૧૧ માં તા.૧૧/૦૨/૨૦૧૧ ના રોજ ૧૦ એચ.પી. ની માંગણી કરેલ. કંપનીના નિયમાનુસાર અગ્રતાક્રમ મુજબ નવા વિજ જોડાણ આપવા અંગેનો અંદાજપત્ર ૦૧/૦૯/૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ. અંદાજપત્રની રકમ ભરપાઇ કરવાની નિયત સમય મર્યાદા અગાઉ અરજદારે સદર નવા કનેક્શનમાં તેમને માંગેલ ૧૦ એચ.પી.ની માંગણી સામે ૨૨.૫૦ એચ.પી. ની માંગણી (લોડ વધારો ૧૦+૧૨.૫૦ એચ.પી.) કરતા અરજદારને બીજુ અંદાજપત્ર તેમની સદર લોડ વધારાની અરજીને ધ્યાનમાં રાખીને તા.૧૯/૨/૧૬ ના રોજ અંકે રૂ. ૨૫૬૪૫/- (પચ્ચીસ હજાર છસ્સો પિસ્તાળીસ પુરા) અંદાજપત્ર આપતા સદર અંદાજપત્ર ની રકમ તા.૨૬/૨/૧૬ના રોજ ભરપાઇ કરવામાં આવેલ. અંદાજપત્ર ની રકમ ભરપાઇ થયા બાદ જરુરી બીજી કાર્યવાહી અરજદાર તરફથી પુર્ણ થતાં સદર વિજ કનેક્શન આપવાની કામગીરી અર્થે કોન્ટ્રાક્ટર એજન્સી દ્વારા સ્થાનિક જગ્યાની મુલાકાત કરી લાઇનકામ શરુ કરવાની તૈયારી કરતા હાજર રહેલ અરજદારના પ્રતિનિધિએ જણાવેલ કે હાલ તેઓને આ વિજ કનેક્શનની જરુર નથી. આથી અરજદારને અંદાજપત્રની તા.૨૬/૦૨/૨૦૧૬ના રોજ ભરેલ રકમવાળી અરજી કંપની સ્તરે રદ કરવામાં આવેલ છે. તેવા મતલબની જાણ પીજીવીસીએલની સ્થાનિક કચેરી નખત્રાણા દ્વારા અરજદારને રજીસ્ટર એ.ડી.પોસ્ટથી પત્ર નં.૨૬૨૨, તા.૧૨-૦૪-૨૦૧૭ના અરજીમાં દર્શાવેલ સરનામે જણાવેલ. આ વીજ કનેક્શન આપવા માટે કુલ ૩૦૦ મીટર એચ.ટી.લાઈન ૨૫ કેવીએના ટી.સી.ની કામગીરી કરવી જરૂરી છે.

ઉપરોક્ત રજૂઆતો અને રેકર્ડ ઉપરના પુરાવાને મૂલવતાં અત્રેનું ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે, ફરિયાદીનું નવું ખેતી વીજકનેક્શન સર્વે નં. ૧૧, ગામ:ચરાખડા ખાતેની માંગણીઓના અનુસંધાને પ્રથમ ૧૦ એચ.પી.નું તથા બીજું ૨૨.૫ એચ.પી.નું એમ કુલ બે અંદાજપતત્રો આપવામાં આવેલ તે અંદાજપત્રોની સામે અંદાજપત્રની રકમ અરજદારે સમયસર ભરપાઈ કરી પીજીવીસીએલના કરવાની તમામ કાર્યવાહીઓ પૂર્ણ કરેલ. પરંતુ પેઈડ વીજકનેક્શન અરજદારને જોઈતું નથી તેમ માનીને ખોટી રીતે અરજદારને વીજકનેક્શન એકતરફી પૂરતી તપાસ કર્યા વગર રદ કરવામાં આવેલ છે તેવું ફલિત થાય છે. કંપનીએ સદર કનેક્શન તેમના પક્ષે રદ કર્યા પછી અંદાજપત્રની ભરેલ રકમ પણ આજદિન સુધી ફરિયાદીને પરત કંપનીના નિયમાનુસાર આપવા અંગેની કોઈ પણ કાર્યવાહી કરેલ ન હોવાનું રજૂ થયેલ રેકર્ડ ઉપરથી પ્રસ્થાપિત થાય છે. આથી સદર વીજકનેક્શન પેઈડ પડતર કંપની સ્તરે હોવાથી અરજદારની માંગણી મુજબ સદર નવું ખેતીવાડીનું વીજકનેક્શન ૨૨.૫ એચ.પી.નું સર્વે નં. ૧૧, ગામ-ચરાખડા ખાતે કંપનીના નિયમાનુસાર "ડી" હેઠળ મળવાપાત્ર છે તેથી આ નવું વીજ કનેક્શન અરજદારને આપવું જોઈએ. ફરિયાદીની ફરિયાદ માન્ય રાખવામાં આવે છે.

Scanned by CamScanner

# હુકમ

(૪)  આથી હુકમ કરવામાં આવે છે કે; ફરિયાદીએ માંગેલ પોતાની માલિકીની ખેતીવાડીની જમીન સર્વે નં. ૧૧ ગામ-ચરખડા તાલુકો-નખત્રાણા ખાતે નવું ખેતીવાડી વીજજોડાણ ૨૨.૫ એચ.પી.નું કંપનીના નિયમાનુસાર દિવસ ૨૦(વીસ)માં આપવાની કાર્યવાહી શરૂ કરી સદર નવું કનેક્શન 'ડી' કેટેગરી હેઠળ ચાલુ કરવું. ફરિયાદીની ફરિયાદ મંજૂર કરવામાં આવે છે.

સ્થળ : ભુજ-કચ્છ

તારીખ : ૨૨-૧૨-૨૦૧૭

| (એન.એચ.જોષી) | (પી.આર.વ્યાસ) | (એ.એમ.ઢેબર) |
| --- | --- | --- |
| સ્વતંત્ર સભ્યશ્રી | મેમ્બર ટેકશ્રી | પ્રમુખશ્રી |
| સીજીઆરએફ, | સીજીઆરએફ, | સીજીઆરએફ, |
| પીજીવીસીએલ,ભુજ. | પીજીવીસીએલ,ભુજ. | પીજીવીસીએલ,ભુજ. |

નોંધઃ- ફરિયાદીને જો આ હુકમ સામે અસંતોષ હોય તો હુકમ મળ્યાની તારીખથી દિવસ ૩૦(ત્રીસ)માં વીજ લોકપાલ(એમ્બુસમેન્ટ) ગુજરાત વીજ નિયંત્રકની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૦ સમક્ષ અપીલ કરી શકશે.

Scanned by CamScanner